પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧ | ૨ એપ્રિલ, ૨૦૨૨, શનિવાર; ચૈત્ર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વિક્રમ : જીએસટીની આવક ૧,૪૨,૦૯૫ કરોડ

## જીએસટીના અમલ પછીની સૌથી વધુ માસિક આવક : ગત માર્ચ ૨૦૨૧ કરતા માર્ચ ૨૦૨૨માં જીએસટીની આવક ૧૫ ટકા વધારે, આ મહિનામાં ૯૪૧૭ કરોડની સેશ પણ એકત્ર કરવામાં આવી




નવી દિલ્હી, તા.૧

માર્ચ મહિનામાં (ફેબ્રુઆરી મહિનામાં થયેલા બિલિંગ માટે ભરવામાં આવતો ટેક્સ) દેશમાં જીએસટીની કુલ આવક રૂ.૧,૪૨,૦૯૫ કરોડ થઈ છે જે જીએસટીના અમલ પછીની સૌથી વધુ માસિક આવક છે. કુલ આવકમાં કેન્દ્રીય જીએસટી રૂ.૨૫૮૩૦ કરોડ, રાજ્ય નો જીએસટી રૂ.૩૨,૩૭૮ કરોડ આને આયાત-નિકાસનો આઈજીએસટી રૂ.૭૪૪૭૦ કરોડ છે.

આ મહિનામાં રૂ. ૯૪૧૭ કરોડની સેશ પણ એકત્ર કરવામાં આવી છે.

ગત માર્ચ ૨૦૨૧ કરતા માર્ચ ૨૦૨૨માં જીએસટીની આવક ૧૫ ટકા વધારે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં સરેરાશ દર મહિને રૂ. ૧.૩૮ લાખ કરોડની જીએસટીની વસૂલાત થઈ છે જે પાછલા વર્ષ રૂ.૧.૩૦ લાખ કરોડ હતી.

માર્ચ મહિનામાં ગુજરાત રાજ્યની જીએસટીની આવક ગત વર્ષ કરતા ૧૨ ટકા વધીને રૂ.૯૧૫૮ કરોડ થઈ છે. જ્યારે સમગ્ર દેશમાં ઓરિસ્સા ૨૬ ટકા, મેઘાલય ૧૯ ટકા, બિહાર ૧૩ ટકા, હરિયાણા ૧૭ ટકા વધી છે જે ગુજરાત કરતા વધારે છે.

## ગુજરાતને જીએસટી, વેટ, વળતર પેટે ૮૬,૭૮૦ કરોડની આવક

ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજ્યને નવી કરપ્રણાલી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના અમલીકરણ બાદ નાણાંકીય વર્ષ ૨૧-૨૨માં સૌથી વધુ આવક થઈ છે. વિતેલ નાણાંકીય વર્ષમાં ગુજરાતને જીએસટી, વેટ અને વળતર પેટે કુલ રૂ. ૮૬,૭૮૦ કરોડની આવક થયેલ છે. જેમાં માર્ચ મહિનામાં ગુજરાત રાજ્યને જીએસટી પેટે રૂ. ૪,૫૩૦ કરોડની આવક છે.

## સીએનજીમાં એક જ ઝાટકે પાંચ રૂપિયાનો તોતિંગ વધારો

નવી દિલ્હી,તા.૧

નવા નાણાકીય વર્ષના પ્રથમ દિવસે મોટો ઝટકો લાગ્યો છે. આજે કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં એક સાથે ૨૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ સીએનજીની કિંમતમાં તોતિંગ વધારો કરી દેવામાં આવ્યો છે. જોકે, આજે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કોઈ જ વધારો કરવામાં આવ્યો નથી. અમદાવાદમાં અદાણી ગેસ તરફથી સીએનજીની કિંમતમાં એક સાથે પાંચ રૂપિયાનો વધારો થયો છે. આ સાથે જ અમદાવાદમાં સીએનજીનો નવો ભાવ ૭૯.૫૯ રૂપિયા થયો છે. અમદાવાદમાં સીએનજીનો જૂનો ભાવ ૭૪.૫૯ રૂપિયા હતો. સરકારી ઓઈલ કંપનીઓએ આજે એટલે કે શુક્રવારે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કોઈ ફેરફાર કર્યો નથી. દિલ્હી, મુંબઈ, સહિત દેશના વિવિધ શહેરોમાં આજે કિંમત સ્થિર રહી છે.

ગુજરાતમાં પણ આજે ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. સરકારી ઓઈલ કંપનીઓએ છેલ્લા ૧૦ દિવસમાં પેટ્રોલની કિંમતમાં ૬.૪૦ રૂપિયાનો વધારો કર્યો છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૧૦૨ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી છે. મુંબઈમાં પેટ્રોલની કિંમત ૧૧૭ રૂપિયા પ્રતિ લીટર પહોંચી છે.

## એલપીજી સિલિન્ડરમાં ૨૫૦નો વધારો

### બે મહિનામાં ૩૪૬ રૂપિયાનો વધારો થયો : ૨૨ માર્ચના રોજ સબસિડી વિનાના ઘરેલૂ એલપીજી સિલિન્ડરમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે, પેટ્રોલ-ડીઝલ અને એલપીજી ગ્રાહકોને મોંઘવારીનો માર

નવી દિલ્હી,તા.૧

દેશભરમાં આજથી એલપીજી સિલિન્ડરના નવા ભાવ જાહેર થઈ ગયા છે. આ વખતે એલપીજી ગેસ સિલિન્ડર ૨૫૦ રૂપિયા મોંઘો થઈ ગયો છે. જોકે આ વધારો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. તો બીજી તરફ એલપીજીના ગ્રાહકોને રાહત મળી છે. હમણાં ૧૦ દિવસ પહેલાં ઘરેલૂ એલપીજી સિલિન્ડરના ભાવ વધ્યા હતા જ્યારે ૨૨ માર્ચના રોજ કોમર્શિયલ સિલિન્ડર સસ્તો થયો હતો. તમને જણાવી દઈએ કે લાંબા સમયથી પેટ્રોલ-ડીઝલ અને એલપીજી ગ્રાહકોને મોંઘવારીનો માર પડવાનું શરૂ થઈ ગયું હતું. ૨૨ માર્ચના રોજ સબસિડી વિનાના ઘરેલૂ એલપીજી સિલિન્ડરમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. તમને જણાવી દઈએ કે ૧૯ કિલોવાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડર આજથી દિલ્હીમાં ૨૨૫૩ રૂપિયાનો મળશે. તો બીજી તરફ કલકત્તામાં હવે આ ૨૦૮૭ રૂપિયાના બદલે ૨૩૫૧ રૂપિયા અને મુંબઈમાં ૧૯૯૫૫ ના બદલે ૨૨૦૫ રૂપિયામાં મળશે. ચેન્નઈમાં હવે આ સિલિન્ડર માટે ૨૧૩૮ રૂપિયાના બદલે ૨૪૦૬ રૂપિયા ખર્ચ કરવા પડશે.



## મોદીની હત્યા માટે ૨૦ કિલો આરડીએક્સ મોકલ્યાની ધમકી

### નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને ઈ-મેઈલ મળ્યો : વડાપ્રધાન મોદીને આત્મઘાતી હુમલામાં મારવાનું કાવતરૂં

નવી દિલ્હી, તા.૧

દેશનાં વડાપ્રધાનને લઈને એક મોટા સમાચાર આવી રહ્યાં છે. પીએમ મોદીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જીવનું જોખમ હોવાનું એક ઈમેઈલ મળ્યો છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી(એનઆઈએ)ની મુંબઈની બ્રાંચને એક ઈ-મેઈલ મળ્યો છે જેમાં નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી મળી છે.

પીએમ મોદીને મારવા માટે ૨૦ કિલો આરડીએક્સ જે-તે રાજ્યમાં પહોંચાડવામાં આવી ચૂક્યો છે. આ આરડીએક્સની જ પીએમ મોદીને ઉડાડી દેવાનો દાવો ઈમેઈલમાં કરવામાં આવ્યો છે.જોકે આ મેઈલ અંગે સરકાર કે એજન્સી તરફથી આધિકારીક નિવેદન અને ઈ-મેઈલની ખરાઈની રાહ જોવાઈ રહી છે. મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે ઈ-મેઈલ મુજબ હુમલાની યોજના તૈયાર છે. જેણે મેલ કર્યો છે તેણે અનેક આતંકવાદીઓ સાથે પોતાના સંબંધ હોવાનો સ્વીકાર કર્યો છે. ભારતના વડાપ્રધાન મોદીને આત્મઘાતી હુમલામાં મારવાનું કાવતરૂં ઘડાયું હોવાની કબૂલાત કરવામાં આવી છે. ઈમેલ કરનારે કહ્યું છે કે તે આત્મહત્યા કરી રહ્યો છે તેથી આ ષડયંત્રનો પર્દાફાશ ન થાય. આ ધમકીભર્યા મેઈલ રાષ્ટ્રીય તપાસ એજન્સીએ ગુપ્તચર અને સુરક્ષા એજન્સીઓને મોકલ્યા હતા અને સઘન તપાસ કરવા આદેશ અપાયો છે. જે મેઈલ આઈડી પરથી મેઈલ આવ્યો છે તેની તપાસ ચાલી રહી છે. આ ઈમેલ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની મુંબઈ શાખામાં પહોંચ્યો હતો. મેઈલ કરનારે કહ્યું કે, પીએમ મોદીએ મારૂં જીવન બગાડ્યું છે, તેમણે મારૂં જીવન ખતમ કરી દીધું છે. હું મોદીને પણ મારી નાખીશ.

## મોદી ક્લાસ : પરીક્ષાને પર્વ બનાવીએ : વિદ્યાર્થીઓની શીખ

### વડાપ્રધાને પરીક્ષા પે ચર્ચામાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી : નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓ ચર્ચા કરીને તેમને પરીક્ષાની તાણમાંથી કઈ રીતે બહાર નીકળવું તે અંગે સલાહ આપી

નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પરીક્ષા પે ચર્ચા ૨૦૨૨ કરીને વિદ્યાર્થીઓને પરીક્ષાને તહેવારની જેમ મનાવવાની સલાહ આપી છે. વડાપ્રધાને કહ્યુ કે, એપ્રિલ મહિનો તહેવારોનો મહિનો છે. પરંતુ જ્યારે આ તહેવારને મનાવો ત્યારે આપણે પરીક્ષા પર પણ ધ્યાન આપવું જોઈએ. આમ, શા માટે પરીક્ષાને તહેવારની જેમ ઉજવી ના શકાય. પીએમએ પરીક્ષા પે ચર્ચામાં તેમણે સોશિયલ મીડિયાનો પણ ઉલ્લેખ કર્યો છે.

ઓનલાઈન અભ્યાસ દરમિયાન તમે રીલ જુઓ છો? તેવો સવાલ પણ એક વિદ્યાર્થીને પૂછ્યો હતો. મોદીએ વિદ્યાર્થીઓ સાથે લાંબી ચર્ચા કરીને તેમને પરીક્ષાની તાણમાંથી કઈ રીતે બહાર નીકળવું તે અંગેની સલાહ આપી છે.

પરીક્ષાઓમાં થતી ચોરી પર



તેમણે કહ્યું કે, મિત્રો, કાપલી કરવાની જરુર નથી. તમે જેટલું કરી શકો છો એટલું સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કરો અને તમારામાં વિશ્વાસ રાખો, તમે તમારી પરીક્ષાને તહેવારના મૂડમાં આપી શકશો.

તેમણે આજના સમયમાં લોકો સતત સ્ક્રીન સાથે ચોંટેલા રહે છે તે બાબતે સલાહ આપી કે, જેટલું આઈપેડ, મોબાઈલ ફોનની અંદર ઘૂસવાની મજા આવે છે, તેનાથી હજાર ગણો આનંદ પોતાની અંદર ઘૂસવાનો હોય છે. દિવસમાં કેટલોક સમય એવો કાઢો કે જ્યારે તમે ઓનલાઈન પણ ના હોવ, ઓફલાઈન પણ ના હોવ પણ ઈનરલાઈન હોવ. જેટલા અંદર જશો, તમે એટલી ઉર્જાનો અનુભવ કરશો.

એક વિદ્યાર્થી સાથે વાત કરતી વખતે તેમણે સોશિયલ મીડિયાનો ઉલ્લેખ કર્યો. જેમાં તેમણે વિદ્યાર્થીને પૂછ્યું કે, તમે ઓનલાઈન અભ્યાસ કરો છો તો શું ખરેખર ભણો છો કે પછી રીલ જુઓ છો? વડાપ્રધાને કહ્યું કે આજે આપણે ડિજિટલ ગેજેટ્સના માધ્યમથી સરળ રીતે અને વ્યાપક રીતે નવી વસ્તુઓ શીખી શકીએ છીએ. આપણે તેની ખુશી મનાવવી જોઈએ, નહીં કે સમસ્યા. આપણે કોશિશ કરવી જોઈએ કે ઓનલાઈન અભ્યાસને આપણે એક રિવોર્ડ તરીકે આપણા ટાઈમ ટેબલમાં રાખી શકીએ છીએ.

## ચીન LACમાં ઘૂસી જશે તો રશિયા બચાવવા નહીં આવે

### અમેરિકાની ભારતને ચેતવણી

નવી દિલ્હી,તા.૧

યુક્રેન અને રશિયા વચ્ચેની લડાઈ એક મહિના કરતા વધારે સમયથી ચાલુ છે અને અમેરિકાની સાથે જ બીજા દેશો તફથી રશિયા પર લગાવાયેલા પ્રતિબંધોની ખાસ અસર થતી દેખાઈ રહી નથી. અમેરિકાનો પ્રયાસ છે કે, રશિયા સાથે વેપાર કરવા માટે કોઈ દેશ આગળ ન આવે. તો, રશિયા સામે અમેરિકાની નીતિ તૈયાર કરવામાં મહત્વનો રોલ ભજવનારા ભારતીય મૂળના ડેપ્યુટી એનએસએ દલીપ સિંહ બે દિવસના ભારત પ્રવાસે છે. અહીં તેમણે એવી વાત કરી જે ભારતને પસંદ નહીં આવે. દલીપ સિંહે કહ્યું કે, ભારત એવી આશા ન રાખે કે ચીન તરફથી એલએસીનું કોઈ ઉલ્લંઘન થશે તો રશિયા તેની મદદ કરશે. ડેપ્યુટી એનએસએ દલીપ સિંહ, જેને રશિયા સામે પ્રતિબંધોના માસ્ટર માઈન્ડ મનાય છે, તેમણે ભારતને ચેતવતા કહ્યું કે, જ્યારે ચીન નિયંત્રણ રેખા (એલએસી)નું ઉલ્લંઘન કરશે, ત્યારે રશિયા ભારતની મદદ કરશે એવું નથી. ચીન અને રશિયા હવે નો લિમિટ્સ પાર્ટરનશિપમાં છે. તેમણે યુક્રેન સામે પુતિનના બિનજરૂરી યુદ્ધ માટે રશિયા પર લગાવાયેલા પ્રતિબંધોને પાછા લેવાનો પ્રયાસ કરનારા કોઈપણ દેશને તેના પરિણામો અંગે ચેતવણી આપી. જોકે, તેમણે એમ પણ કહ્યું કે, અમેરિકા અને ભારત જેવા મિત્ર દેશ કોઈ રેડ લાઈન નિર્ધારિત નથી કરતા. દલીપ સિંહે કહ્યું કે, દિલ્હીમાં તેની ચર્ચા વૈશ્વિક શાંતિ અને સુરક્ષાને રેખાંકિત કરતા મૂળ સિદ્ધાંતોના રક્ષણ વિશે રહી. રશિયામાંથી ઊર્જા અને અન્ય વસ્તુઓની ભારતમાં આયાત વધે તેવું અમેરિકા નથી ઈચ્છતું. એક દિવસ પહેલા બુધવારે સિંહે કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલની સાથે મુલાકાત કરી. એક સપ્તાહમાં અમેરિકાના કોઈ સીનિયર અધિકારીની આ બીજો ભારત પ્રવાસ છે.

## યુક્રેનના હેલિકોપ્ટરોએ રશિયાની અંદર ઘૂસી ઓઈલ ડેપો ઉડાવ્યો

### લાલઘૂમ રશિયાએ શાંતિ વાર્તા બંધ કરવાની ધમકી આપી

કિવ, તા.૧

રશિયા દ્વારા દાવો કરાયો છે કે, યુક્રેનના હેલિકોપ્ટરોએ રશિયાની અંદર ઘૂસીને ઓઈલ ડેપો નષ્ટ કરી દીધો છે. જે બાદ રશિયાએ યુક્રેનને ધમકી આપતાં કહ્યું હતું કે, આ હુમલા બાદ તેઓ શાંતિ વાર્તા બંધ કરી શકે છે.

Belgorodના ગવર્નર Vyacheslav Gladkovએ કહ્યું કે, યુક્રેનના બે મિલિટ્રી હેલિકોપ્ટર નીચા અલ્ટિટ્યુડ ઉપર ઉડાન ભરતાં બેલ્ગોરોડની અંદર ૨૫ માઈલ સુધી ઘૂસી આવ્યા હતા અને તેઓએ જી-૮ રોકેટ્સ ફાયર કરીને Roseneft depotમાં આગ લગાવી દીધી હતી, જેના કારણે વિકરાળ આગ લાગતાં ફાયર ફાયટર્સ દ્વારા હજુ પણ તેના પર કાબૂ મેળવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

રશિયાના પ્રવકતા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે, શાંતિ વાર્તા માટે આ એક સારી સ્થિતિ નથી. જો કે, બીજી બાજુ એવી પણ આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે કે, શાંતિ વાર્તાથી દૂર ખસવા માટે જ રશિયા દ્વારા જ ઓઈલ ડેપોમાં આગ લગાવવામાં આવી છે. ૨૦૨૦માં પુતિને બેલ્ગોરોડના ગવર્નર તરીકે ગ્લાડકોવની નિયુક્તિ કરવામાં આવી હતી. ગ્લાડકોવે કહ્યું કે, સેકન્ડ વર્લ્ડ વોર બાદ રશિયાના ઓઈલ ડેપો ઉપર આ પ્રથમ પ્રકારની એર સ્ટ્રાઈક છે. જેમાં બે વર્કર્સને ઈજા પહોંચી છે અને શહેરના તે ભાગના લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

## દેશમાં એપ્રિલમાં ભારે ગરમી, આ વર્ષે વરસાદ સામાન્ય રહેશે

### રાજ્યમાં ૪ એપ્રિલ સુધી હીટવેવ જારી રહેશે : નાગરિકોને પુરતા પ્રમાણમાં પ્રવાહી લેવાની અને ભીના કપડાથી માથું ઢાંકેલું રાખવાની સલાહ આપવામાં આવી

નવી દિલ્હી, તા.૧

ગુજરાતમાં ૪ એપ્રિલ સુધી હીટવેવની આગાહી કરવામાં આવી છે. આ સાથે દેશના હવામાન વિભાગ દ્વારા એપ્રીલમાં અગન જ્વાળા વરસાવતી ગરમી પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ગરમીની સાથે ચોમાસું હળવું રહેવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. ગરમી વધવાની સાથે તેની સાથે જોડાયેલી બીમારીઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે. અમદાવાદમાં ૧૦૮ સર્વિસને આવતા ઈમર્જન્સી કૉલની સંખ્યામાં વધારો થયો છે. આગામી દિવસોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારો થશે. દેશમાં માર્ચ મહિના દરમિયાન ઉનાળો આકરો નહીં રહેવાની સંભાવનાથી ઉલ્ટું ગરમીએ કેટલાક રેકોર્ડ્સ તોડ્યા છે. ભારતના દક્ષિણ અને દક્ષિણ પૂર્વના ભાગોમાં અન્ય ભાગ કરતા ગરમીનું પ્રમાણ હળવું છે, જ્યારે દિલ્હી, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં ગરમીનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે.

ગુજરાતમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી નોંધાયું છે જે આગામી દિવસોમાં ૪૩ ડિગ્રી પર પહોંચશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતમાં ભૂજમાં સૌથી વધુ ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ સહિતના જિલ્લાઓમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યના અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર અને કચ્છમાં હીટવેવ રહેશે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, પાટણ જેવા જીલ્લાઓમાં સળંગ ચાર દિવસ સુધી હીટવેવ રહેશે.

બેસણું



સ્વ.અ.સૌ.કિરણબેન તેઓ પ્રમોદભાઈ અંબાલાલ રાવલના ધર્મપત્ની તા.૩૧/૦૩/૨૦૨૨ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યાં છે. ભગવાનને ગમ્યું એ ખરૂ, સદ્ગતનું બેસણું તા.૦૩/૦૪/૨૦૨૨ને રવિવારે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.

લી. પ્રમોદભાઈ અંબાલાલ રાવલ (પતિ)
અ.સૌ.માનસી પાર્થ રાવલ (પુત્રવધુ) | પાર્થ પ્રમોદભાઈ રાવલ (પુત્ર)
અ.સૌ.તેજલબેન સમીરકુમાર ભટ્ટ (પુત્રી) | સમીરકુમાર જે. ભટ્ટ (જમાઈ)
અ.સૌ.ઝરણાબેન નીરવકુમાર દવે (પુત્રી) | નીરવકુમાર એન. દવે (જમાઈ)
સ્વ.અંબાલાલ મણીલાલ રાવલ પરિવાર (ઉનાવા)
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે સાથે રાખેલું છે.
લી. સ્વ.જયંતિલાલ શાંતિલાલ પંચોલી પરિવાર (ખેરવા)
સ્થળ: મહારાષ્ટ્ર સમાજ ભવન, સિદ્ધિ વિનાયક મંદિર, સેક્ટર-૨૧, ગાંધીનગર.

૭ એપ્રિલથી સવાર / સાંજ કોઈપણ બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar